॥ શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૧૫

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ

સં. ૨૦૬૮ અષાઢ સુદ-૫

## પૂજ્ય જિનશાસનશણગાર ગુરુભગવંતોને વંદના

અહો શ્રુતજ્ઞાનમ્ ચાતુર્માસિક માસિકના દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી શ્રુતજ્ઞાનના ક્ષેત્રમાં થઇ રહેલ અનેકવિધ પ્રવૃતિઓ જેવી કે નવા પ્રકાશન, થઇ રહેલા ગ્રંથોના સંશોધન, સંશોધન કરવા યોગ્ય ગ્રંથોની યાદી તેમજ શ્રુતજ્ઞાનના ક્ષેત્રમાં કરવા યોગ્ય કાર્યો અંગેની જાણકારી યથાશક્તિ પૂજ્ય ગુરુભગવંતોના માર્ગદર્શન અને પ્રેરણાથી આપી હતી, અને આ ચોથા વર્ષના પ્રથમ અંકમાં પણ ફક્ત શ્રુતજ્ઞાન અંગેની માહિતી અમોને જે મળી છે તે આપને મોકલી રહ્યા છીએ.

જુદા જુદા સંઘો પાસે પ્રતિક્રમણ સૂત્રોની બોલી અને દીક્ષા પ્રસંગે નવકારવાળી અને પોથીની ઉપજ જે બધા સંઘો જ્ઞાનદ્રવ્યમાં લઇ જાય છે. જેના વપરાશ અંગેની માહિતીના અભાવને લીધે ડીપોઝીટ વધતી જાય છે. પરંતુ આ દ્રવ્યના સદ્ઉપયોગ કરવા અંગે વિચારણા કરવી જરૂરી લાગે છે.

### જ્ઞાનદ્રવ્ય નો સદ્ઉપયોગ

(૧) પૂજ્ય ગુરૂભગવંતોને અભ્યાસ ઉપયોગી પ્રકરણ ગ્રંથોની ટીકા અને ભાવાનુવાદ તેમજ ચરિત્ર ગ્રંથોના પુનઃમુદ્રણમાં કરવાથી પૂજ્યોને અભ્યાસ ઉપયોગી ગ્રંથો સરળતાથી મળતા થાય અને તેઓને અભ્યાસ ઉપયોગી પુસ્તકો સરળતાથી મળવાથી તેઓના અભ્યાસમાં ચોક્કસ પણે વધારો થાય છે.

(૨) આપણો અમૂલ્ય શ્રુતવારસો પ્રાચીન હસ્તપ્રત રૂપે જુદા જુદા ભંડારોમાં સંગ્રહાયેલો છે તે બધી જ હસ્તપ્રતોને ડીઝીટલાઇજેશન દ્વારા સુરક્ષિત કરવી જોઇએ અને તેમાં રહેલા પદાર્થો સંશોધનકર્તા પૂજ્ય ગુરૂભગવંતોને ઝેરોક્ષ નકલ રૂપે આપવાથી ઘણા બધા અપ્રગટ રહેલા ગ્રંથો પ્રકાશમાન બનશે. આપણા પૂર્વાચાર્યોએ અથાગ મહેનત કરીને જે શાસ્ત્રોનું સર્જન કરેલ છે તેની સંશોધન-સંપાદન કરીને પ્રકાશિત કરવાની તાકીદની જરૂર છે.

(૩) આપણી પ્રાચીન હસ્તપ્રતોને જે જુના ભંડારોનાં સંગ્રહાયેલી છે તેઓ બધા અત્યારે ઘણું કરીને બંધ હાલતમાં છે, અને તે સંસ્થાઓ પાસે અત્યારે આવકનું સાધન ન હોવાથી જુના જર્જરિત મકાનમાં ઘણું કરીને વેરવિખેર રીતે પણ સચવાયેલી છે. તે બધી જ હસ્તપ્રતોને સંઘના કાર્યકર યુવાનોએ દાબડા પોથી વગેરે દ્વારા યોગ્ય રીતે સુરક્ષિત સાચવવાની જરૂર છે, જે માટે માતબર સંઘોએ ઉદારતાપૂર્વક એક એક ભંડારના ખર્ચની જવાબદારી લઇને તે જ્ઞાનભંડારોને ઉત્થાન માટે દત્તક લેવો જોઇએ. સંઘના કાર્યકર યુવાનોએ સાધુ ભગવંતોના માર્ગદર્શન હેઠળ જ્ઞાનભંડારો વ્યવસ્થિત કરી દેવા જોઇએ.

(૪) પૂજ્ય ગુરૂભગવંતોને સ્વાધ્યાય અભ્યાસ માટે ઘણા બધા પુસ્તકોની જરૂર પડે છે તે સહેલાઇથી ઉપલબ્ધ બને તે માટે દરેક સંઘોએ પોતાની શક્તિ અનુસાર એક જ્ઞાનભંડાર બનાવવો જોઇએ અને તે માટે યોગ્ય માણસની નિમણુંક કરીને અને ટ્રસ્ટીઓ પૈકી એક-બે ટ્રસ્ટીને તેની જવાબદારી સોંપીને સમૃધ્ધ અને સક્રિય રાખવો જોઇએ.

(૫) પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને ભણાવવા માટે :- અજૈન પંડીતોને પગાર ઉદારતાપૂર્વક જ્ઞાનખાતામાંથી તેમજ જૈન પંડીતોને સાધારણ ખાતામાંથી લાભ લેવા માટે સામેથી પુંછવું જોઇએ અને આવો ઉત્તમ લાભ સતત મળતો રહે એ માટે સાધુ-સાધ્વીજીની પાઠશાળા કાયમી ધોરણે દરેક સંઘોએ તે ચલાવવી જોઇએ.

" दासोऽहं सर्व साधूनाम् "

લી.
જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

# સંવત ૨૦૬૭-૨૦૬૮ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | દેશોપશમના | આ. ગુણરત્નસૂરિજી | સં/ગુજ | જિનગુણ આરા. ટ્રસ્ટ |
| ૨ | જૈન કોસ્મોલાજી (ભુગોળ) | પૂ. ચારિત્રરત્નવિજયજી | ગુજ. | જિનગુણ આરા. ટ્રસ્ટ |
| ૩ | ધર્મ સંગ્રહણી ૧,૨ | આ. અજિતશેખરસૂરિજી | સં/ગુજ | અર્હમ પ્રકાશન |
| ૪ | જવાબ જાણો કથા માણો | આ. અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ પરિવાર ટ્રસ્ટ |
| ૫ | કર્મનો શતરંજ | આ. અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ પરિવાર ટ્રસ્ટ |
| ૬ | પચેલીમાં પૂણ્ય ભરો | આ. અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ પરિવાર ટ્રસ્ટ |
| ૭ | જૈન શાસનની દીક્ષા | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | સંયમ સુવાસ |
| ૮ | જૈન શાસન કી દીક્ષા | આ. યોગતિલકસૂરિજી | હિં | સંયમ સુવાસ |
| ૯ | પન્ચતન્ત્રમ્ | આ. યોગતિલકસૂરિજી | સં | વીર શાસનમ્ |
| ૧૦ | નવકાર મહામન્ત્ર | આ. રાજશેખરસૂરિજી | ગુજ. | અરિહંત આરા. ટ્રસ્ટ |
| ૧૧ | પન્ચાશક ભા. ૧,૨(પ્રત) | પૂ. ધર્મશેખરવિજયજી | સં. | અરિહંત આરા. ટ્રસ્ટ |
| ૧૨ | નવસ્મરણ ગૌતમસ્વામી રાસ | આ. રત્નશેખરસૂરિજી | સં. | શ્રી ૧૦૮ પાર્શ્વ. ભક્તિવિહાર |
| ૧૩ | વિશેષણવતિ | આ. કુલચન્દ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૪ | શ્રાવકજીવન દર્શનમ્(શ્રાધ્ધ વિધિ) | આ. કુલચન્દ્રસૂરિજી | હિ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૫ | જેલર (મનની શાંતિ) | આ. અભયશેખરસૂરિજી | ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૬ | ભાઇ હજો તો આવા | આ. શીલચંદ્રસૂરિજી | ગુજ | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૧૭ | અભીરાજ ગીતા | મુનિ કીર્તિત્રયી | સં. | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૧૮ | સિધ્ધહેમશબ્દાનુ-અજ્ઞાત કર્તુકા-ઢૂંઢિકા-૪ | પૂ. વિમલકીર્તિવિજયજી | સં. | હેમ નવમ જન્મશતાબ્દિ |
| ૧૯ | કુવલયમાલા ૧,૨,૩ | આ. ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ | અનેકાંત પ્રકાશન |
| ૨૦ | ઉત્તરાધ્યન સૂત્રના પ્રવચનો | આ. ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ | અનેકાંત પ્રકાશન |
| ૨૧ | સંજીવની | આ. રત્નચંદ્રસૂરિજી | સં/ગુજ | રત્નોદય ચેરી. ટ્રસ્ટ |
| ૨૨ | તાજો ઇતિહાસ તાજી સુવાસ | આ. પૂર્ણચંદ્રસૂરિજી | ગુજ | ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય |
| ૨૩ | ઝળકતી ઝિંદાદીલી | આ. પૂર્ણચંદ્રસૂરિજી | ગુજ | પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ |
| ૨૪ | યોગ ગ્રંથ વ્યાખ્યાન સંગ્રહ | આ. કીર્તિયશસૂરિજી | સં | રામચંદ્રસૂરિજી દીક્ષા શતાબ્દિ |
| ૨૫ | ષટ્દર્શન સમુચ્ચય-૧ | પૂ. સંયમકીર્તિવિજયજી | સં/હિ | સન્માર્ગ પ્રકાશન |
| ૨૬ | ષટ્દર્શન સમુચ્ચય-૨ | પૂ. સંયમકીર્તિવિજયજી | સં/હિ | સન્માર્ગ પ્રકાશન |
| ૨૭ | ષટ્દર્શન સૂત્ર (સંગ્રહ એવં કૃત્યં) | પૂ. સંયમકીર્તિવિજયજી | સં | સન્માર્ગ પ્રકાશન |
| ૨૮ | ક્યાં ગોતુ સરનામું | પં. મહાબોધિવિજયજી | ગુજ | જિનકૃપા ચેરી. ટ્રસ્ટ |
| ૨૯ | આ. માનતુંગસૂરિજી સાહિત્ય સંગ્રહ-૧ | પં. ધર્મતિલકવિજયજી | ગુજ | માનતુંગસૂરિ સ્મારક ટ્રસ્ટ |
| ૩૦ | જયતિહુઅણ સ્તોત્ર | પં. ધર્મતિલકવિજયજી | સં/ગુજ | કાંતિવિજયજી ગ્રંથમાળા |
| ૩૧ | સૂરિઆર્યભૌમના ચરણમાં | પૂ. વિક્રમસેનવિજયજી | ગુજ | શ્રી ઓમકાર જૈન તીર્થ |
| ૩૨ | ૐમકાર પાથેય | પૂ. વિક્રમસેનવિજયજી | ગુજ | શ્રી ઓમકાર જૈન તીર્થ |
| ૩૩ | દયાનંદ કુતર્ક તિમિર તરણી | આ. લબ્ધિસૂરિજી | હિ | શ્રી ઓમકાર જૈન તીર્થ |
| ૩૪ | જીવ વિચાર | પૂ. રાજદર્શનવિજયજી | ગુજ | પ્રેમસૂરિજી સંસ્કૃત પાઠશાળા |
| ૩૫ | સ્વાધ્યાય માર્ગદર્શિકા | પૂ. ગુણહંસવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૩૬ | પાઇઅ સદ્ મહાણ્વો | પં. હાર્દિકરત્નવિજયજી | પા/હિ | અરિહંત સિધ્ધ સૂરિજી ગ્રંથમાળા |
| ૩૭ | ચોવિસ જિન ચરિત્ર | આ. ઇન્દ્રસેનસૂરિજી | ગુજ | મેરૂપ્રભસૂરિજી સ્મારક ટ્રસ્ટ |
| ૩૮ | આચારાંગ સુત્ર-૧(ચૂર્ણી) | પૂ. અનંતયશવિજયજી | સં | દિવ્ય દર્શન ટ્રસ્ટ |

# સંવત ૨૦૬૭-૨૦૬૮ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૯ | વિચારોનું ઉપવન | પં.પદમદર્શનવિજયજી | ગુજ | અજિતનાથ શ્વે.મૂ.સંઘ--વાપી |
| ૪૦ | ગિરનાર ગ્રંથોની ગોદમાં-૧ | પૂ.હેમવલ્લભવિજયજી | સં/ગુજ | ગિરનાર મહાતીર્થ વિકાસ |
| ૪૧ | અષ્ટક પ્રકરણ | પૂ.જયાનંદવિજયજી | હિ | ગુરૂ રામચંદ્ર પ્રકાશન |
| ૪૨ | વિશસ્થાનક તપકથા | પૂ.જયાનંદવિજયજી | હિ | ગુરૂ રામચંદ્ર પ્રકાશન |
| ૪૩ | શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | પૂ.જયાનંદવિજયજી | હિ | ગુરૂ રામચંદ્ર પ્રકાશન |
| ૪૪ | આહાર શુદ્ધિ | પૂ.જયાનંદવિજયજી | હિ | ગુરૂ રામચંદ્ર પ્રકાશન |
| ૪૫ | નવકારમય જીવન જીવવાની કળા | શ્રી કિરણભાઇ | ગુજ | જગમણિ પુષ્પમાલા |
| ૪૬ | દીક્ષા કુમારી પ્રવાસ-૧ | પૂ.હિરવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૪૭ | સંસ્કાર ચિંતન | પૂ.તત્વસુંદરવિજયજી | ગુજ | પ્રવિણલાલ પરખાજી |
| ૪૮ | દિવ્ય વાર્તાનો ખજાનો - ૧૫ | પૂ.દિવ્યવલ્લભવિજયજી | ગુજ | અજયભાઇ એમ.મહેતા |
| ૪૯ | આત્માની ત્રણ અવસ્થા | પૂ.સંયમકીર્તિવિજયજી | ગુજ | સમ્યજ્ઞાન પ્રચારક સમિતિ |
| ૫૦ | ગોડી પાર્શ્વનાથ કી ગૌરવગાથા | ઉપા.રત્નત્રયવિજયજી | હિ | રંજનવિજય પુસ્તકાલય |
| ૫૧ | આરાધના ગંગા (૨૪ તીર્થંકર આરાધના) | પં.અજયસાગરજી | હિ | હુકમીચંદ મેઘાજી |
| ૫૨ | શાઇન વિથ ડીવાઇન | પૂ.સંસ્કારયશવિજયજી | સં/ગુજ | સમસ્ત ગુરૂભક્ત પરિવાર |
| ૫૩ | જીવ વિચાર સટીક | પં.ધર્મતિલકવિજયજી | સં | પાર્શ્વભ્યુદય પ્રકાશન |
| ૫૪ | ધર્મ બિંદુ પ્રકરણ-૧ થી ૩ | પંડીત પ્રવિણચંદ્ર મૌહતા | સં/ગુજ | ગીતાર્થ ગંગા |
| ૫૫ | જિનશાસનના ઝળહળતા નક્ષત્રો ૧-૨ | શ્રી નંદલાલ દેવલૂક | ગુજ | અરિહંત પ્રકાશન |
| ૫૬ | નવયુગ નિર્માતા | હંસરાજ જી. શાસ્ત્રી | ગુજ | આત્માનંદ જૈન સભા |
| ૫૭ | મૂર્તિ પૂજા | ખુબચંદ કેશવલાલ | ગુજ | જ્ઞાનસુંદર જૈન પાઠશાળા |
| ૫૮ | શ્રેયસ્કરી જિન સ્તુતિ ચર્તુવિંશતિ | પૂ.તત્વપ્રભવિજયજી | સં/ગુજ | જિનપ્રભસૂરિ ગ્રંથમાળા |
| ૫૯ | ઉત્તરાધ્યન સૂત્ર ૧ થી ૪ | પૂ.તત્વપ્રભવિજયજી | પા/ગુજ | જિનપ્રભસૂરિ ગ્રંથમાળા |
| ૬૦ | અષ્ટાપદ મહા તીર્થ | ડૉ. રજનીભાઇ શાહ | હિ/ગુજ | જૈન સેન્ટર ઓફ અમેરીકા |
| ૬૧ | રાસ રસાળ (શ્રેણીક અભયકુમાર રાસ) | ડૉ.ભાનુબેન શાહ | ગુજ | જૈન સાહિત્ય પ્રકાશન |
| ૬૨ | જીવ વિચાર-દન્ડક-સટીક | હરેશભાઇ કુબડીયા | સં | હરેશભાઇ કુબડીયા |
| ૬૩ | સમયસાર | ડૉ.જયકુમાર જલજ | સં/હિ | હિન્દી ગ્રંથ કાર્યાલય |
| ૬૪ | સમાધિશતક ભાગ ૧ થી ૪ | આ.યશોવિજયસૂરિજી | ગુજ | આ.ૐકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૬૫ | પ્રસંગ સરિતા | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ | આ.ૐકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૬૬ | સ્નેહભીનું સ્મરણ - માં | પં.ઉદયરત્નવિજયજી | ગુજ | રત્નોદય ચેરી.ટ્રસ્ટ |
| ૬૭ | તત્ત્વાર્થ ઉષા | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૬૮ | સમ્યકત્વ સહિત બાર વ્રત | આ.અભયચંદ્રસૂરિજી | ગુજ | જૈન નગર સંઘ |
| ૬૯ | ગૌતમગાથા | પં.મુક્તિવલ્લભવિજયજી | ગુજ | પ્રજ્ઞાપ્રબોધ પરિવાર |
| ૭૦ | પ્રેમસૂરિ દાદા | પં.મલયકીર્તિવિજયજી | ગુજ | અખિલ ભારતિય સ્વાધ્યાય પીઠ |
| ૭૧ | પરમતેજ સારોધ્ધાર | પં.પદ્મસેનવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૭૨ | શતાબ્દિ સૌરભ | પૂ.સુધાકરવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૭૩ | આત્મબોધ - ૧ | પં.ભદ્રેશ્વરવિજયજી | ગુજ | જૈન મર્ચન્ટ સોસા. |
| ૭૪ | વેર થી વેર શમે નહીં | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૭૫ | પરિગ્રહનો તાપ , કરાવે બહુ પાપ | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૭૬ | જૈન આદર્શ પ્રસંગો-૧૦ | પં.ભદ્રેશ્વરવિજયજી | ગુજ | શ્રી મિતેષભાઇ |

## પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિજી જન્મશતાબ્દિ તથા પં. પદ્મવિજયજી સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ નિમિત્તે
## પ. પૂ. પ્રાચીન શ્રુતોદ્ધારક આ. શ્રીમદ્‌વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા તથા
## તેમના શિષ્ય પૂ. આ. શ્રીમદ્‌વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મ. સા. દ્વારા
## નવનિર્મિત/અનુવાદિત/સંપાદિત નૂતન શાસ્ત્ર ગ્રંથોનું પ્રકાશન
### સં-૨૦૬૭-૨૦૬૮ ઇ. ૨૦૧૧-૨૦૧૨
### પ્રકાશક :- શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

| ક્રમ | ગ્રંથ નું નામ | કર્તા | ભાષા |
|---|---|---|---|
| ૧ | આગમપ્રતિપક્ષનિરાકરણ | નવનિર્મિત | સં/ગુજ |
| ૨ | આત્મતત્વવિવેક | પૂ. ઉદયનાચાર્ય | સં/ગુજ |
| ૩ | સંબોધસપ્તતિ (ભાગ-૧) | આ. રત્નશેખરસૂરિજી | સં/ગુજ |
| ૪ | સંબોધસપ્તતિ (ભાગ-૨) | આ. રત્નશેખરસૂરિજી | સં/ગુજ |
| ૫ | ઇષ્ટોપદેશ | શ્રી પૂજ્યપાદસ્વામિ | સં/ગુજ |
| ૬ | શ્રામણ્યોપનિષદ્ | નવનિર્મિત | સં/ગુજ |
| ૭ | હિતોપનિષદ્ | શ્રી મુનિસુંદરસૂરિજી | સં |
| ૮ | અષ્ટાવક્રગીતા | નુતન સર્જન | સં/ગુજ |
| ૯ | આચારોપનિષદ્ | નવનિર્મિત | સં/ગુજ |
| ૧૦ | ઝાત્ત્વોપનિષદ્ | શ્રી સિધ્ધસેનદિવાકરસૂરિ | સં/ગુજ |
| ૧૧ | સુખોપનિષદ્ | શ્રી પૂર્વાચાર્ય | સં/ગુજ |
| ૧૨ | પ્રવ્રજ્યાવિધાન | શ્રી પૂર્વાચાર્ય | સં/ગુજ |
| ૧૩ | દેશનોપનિષદ્ | આ. હેમચંદ્રસૂરિજી | સં/ગુજ |
| ૧૪ | અસ્પૃશદ્‌ગતિવાદ | ઉપા. યશોવિજયજી | સં/ગુજ |
| ૧૫ | ઉપદેશરત્નકોષ | આ. પદ્મજીનેશ્વરસૂરિજી | સં/ગુજ |
| ૧૬ | પૂર્ણોપનિષદ્ | ઉપા. યશોવિજયજી | સં/ગુજ/હિ/અં |
| ૧૭ | મોહરાજાપરાજય (ભાગ-૧) | મન્ત્રિવર શ્રીયશપાલ | સં/ગુજ |
| ૧૮ | મોહરાજાપરાજય (ભાગ-૨) | મન્ત્રિવર શ્રીયશપાલ | સં/ગુજ |
| ૧૯ | અંગચૂલિકા (ભાગ-૧) | નવનિર્મિત | સં |
| ૨૦ | અંગચૂલિકા (ભાગ-૨) | નવનિર્મિત | સં |
| ૨૧ | વર્ગચૂલિકા | નવનિર્મિત | સં |
| ૨૨ | દુઃષમગંડિકા | આ. પ્રતિપ્રભસૂરિજી | સં/ગુજ |
| ૨૩ | પંચસૂત્રોપનિષદ્ | આ. ભુવનભાનુસૂરિજી | સં |
| ૨૪ | દાનાદિપ્રકરણ | શ્રી સૂરાચાર્ય | સં/ગુજ |
| ૨૫ | સદ્‌બોધચંદ્રોદય | શ્રી પદ્મનન્દિ | સં/ગુજ |
| ૨૬ | અવધૂતગીતા | શ્રી દત્તાત્રેય | સં |
| ૨૭ | જીવદયાપ્રકરણ | શ્રી પૂર્વાચાર્ય | સં/ગુજ |
| ૨૮ | જ્ઞાનપંચકવિવરણ | શ્રી હરિભદ્રસૂરિજી | સં |
| ૨૯ | ધ્યાનોપનિષદ્ | આ. ભુવનભાનુસૂરિજી | સં |
| ૩૦ | મગ્નોપનિષદ્ | પૂર્વાચાર્યશ્રી રામચંદ્રસૂરિજી | સં/ગુજ/હિ/અં |
| ૩૧ | પ્રાર્થનોપનિષદ્ | ઉપા. યશોવિજયજી | સં/ગુજ |
| ૩૨ થી ૪૭ | આનંદઘનની આત્માનુંભૂતિ પદ ૧ થી ૧૫ | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ |
| ૪૮ થી ૫૭ | આનંદઘનની આત્માનુંભૂતિ પદ ૧૬ થી ૨૫ | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ |

# સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.)

### પ.પૂ.આ.ભ.શ્રી ગુણરત્નસૂરિજી મ.સા., પ.પૂ.આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સા.
(પૂ.પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) પ્રાકૃત વ્યાકરણ (સાધનિકા-ટીકા-અંગ્રેજી અનુવાદ સહસંપાદન)
(૨) અનેકાંતજયપતાકા (સ્વો.વૃ.સાનુવાદ સંપાદન ભાગ ૧ થી ૫)
(૩) અનેકાંતવાદ પ્રવેશ (સાનુવાદ સંપાદન)
(૪) ઉદયસ્વામિત્વ (નવીન ટીકા સહસંપાદન)
(૫) ઉદયસ્વામિત્વ (ગાથાર્થ વિવેચન સહ સંપાદન)
(૬) ઉદયસ્વામિત્વ (પદાર્થસંગ્રહ સહસંપાદન)
(૭) ન્યાયભૂમિકા (ચિત્રરેખા પદ્ધતિ સહ સંપાદન)
(૮) બંધશતક (ચૂર્ણિ-ટીકા-બૃહદ્/લઘુભાષ્ય-ચૂર્ણિ ટિપ્પણ-મૂળ ટિપ્પણ
વિવિધ પરિશિષ્ટ-સાનુવાદ સહ સંપાદન ભા. ૧ થી ૫)
(૯) ધર્મરત્નપ્રકરણ (સ્વો.વૃતિ/બૃહદ્‌વૃતિ સાનુવાદ સંપાદન ભા. ૧ થી ૭
(૧૦) ઐન્દ્રસ્તુતિચતુરવિંશતિકા (સ્વો.વૃતિ + પ્રાચીન જિનભક્તિ કુલ ૨૪ સ્તોત્ર સંગ્રહ
સાનુવાદ, સંપાદન ભા. ૧-૨)
(૧૧) આવશ્યકચૂર્ણિ (ભા. ૧ થી ૫ સંમાર્જિત-સંશોધિત-સટિપ્પણસંપાદન)
(૧૨) ઉત્સર્ગાપવાદવચનાનૈકાંતોપનિષદ્ પ્રકરણ (૧૬ અધ્યાય/પૂર્વાચાર્યકૃત)

### આ.પૂણ્યરત્નસૂરિજી મ.સા., પૂ.આ.યશોરત્નસૂરિજી મ.સા. (પૂ.પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) પઉમ ચરિયમ્ ટીકા આ.વિમલસૂરિજી - સંસ્કૃત છાયા સહિત
(૨) આખ્યાનક મણિકોશ - ટીકા - આ.નેમચંદ્રસૂરિજી - સંસ્કૃત છાયા સહિત
(૩) પાસનાહ ચરિયમ્ - ટીકા - આ. યશોભદ્રસૂરિજી

### આ.પૂણ્યાનંદસૂરિજી મ.સા. -ગણિવર્ય વિક્રમસેનવિજયજી મ.સા. (પૂ.લબ્ધિવિક્રમસૂરિજી સમુદાય)

(૧) તત્વન્યાયવિભાકર - ટીકા - કર્તા - લબ્ધિસૂરિજી અનુ. ભદ્રંકરસૂરિજી

### આ.અભયશેખરસૂરિજી મ.સા. (પૂ.પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)

(૧) દ્રવ્યગુણ પર્યાયનો રાસ - વિવેચન - નવી આવૃતિ
(૨) કર્મ પ્રકૃતિ પદાર્થો - ભાગ -૨ નવી આવૃતિ
(૩) દ્વાત્રિશદ્ દ્વાત્રિંશિકા - ભાગ -૨ ગુજરાતી ભાવાનુવાદ સાથે
(૪) બત્રીસીના સથવારે - કલ્યાણ પગથારે ભાગ-૬

### પં.મુક્તિચન્દ્રવિજયજી મ.સા./ પં.મુનિચન્દ્રવિજયજી મ.સા. (પૂ.કલાપૂર્ણસૂરિજી સમુદાય)

(૧) દ્વયાશ્રય મહાકાવ્ય ભા- ૧ થી ૩ પ્રાકૃત-સંસ્કૃત અન્વય-ગુજરાતી અનુવાદ

# શ્રુતરક્ષા માટે પુત્થયલિહણં : વિચાર-વિનિમય અને વલોણું

અનંત ઉપકારી પરમકૃપાળુ શ્રી મહાવીર પ્રભુ પાસેથી વિનયવંત ગણધર ભગવંતોએ ત્રિપદી પ્રાપ્ત કરીને દ્વાદશાંગીની રચના કરી... અરિહંત ભગવંતોએ અર્થ દ્વારા વહાવેલી શ્રુતગંગાને ગણધર ભગવંતોએ સૂત્રબદ્ધ કરી. એ જ પરંપરામાં થયેલ પૂર્વધર ભગવંતો તથા શ્રુતપ્રભાવક આચાર્ય ભગવંતોએ અનેક ગ્રંથોના સર્જનો કર્યા.

## શ્રુત રક્ષા : ગઇકાલ અને આજ

કાલો હિ દુરતિક્રમઃ । કાળની ગતિને કળી શકાતી નથી. રાજકીય, સામાજિક અને કુદરતી અનેકવિધ ઉલટ સુલટ માં પ્રભુનું શ્રુતજ્ઞાન સાચવવું મુશ્કેલ બન્યું.. શ્રુતસાગર પણ ધીરે ધીરે સૂકાવા લાગ્યો હતો તે સમયે જૈન સંઘોને જે સાચા યુગદ્રષ્ટા મહાપુરુષ મળ્યા તે હતા શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ. તેઓએ મતિહીનતાદિ એનેક કારણોને ધ્યાનમાં લઇને ઉપલબ્ધ સર્વ શ્રુત લિપિબદ્ધ કર્યું ને તે વલ્લભી વાચના તરીકે જિનશાસનમાં પ્રચલિત થઇ. અહીં ઉલ્લેખનીય છે કે જૈનાગમોમાં એક અક્ષર પણ લખવા માટે સાધુ-સાધ્વીજી ભગવંતોને પ્રાયશ્ચિત કહ્યું છે. આવો સ્પષ્ટ શાસ્ત્રમાં ઉલ્લેખ હોવા છતાં જિનશાસનમા ક્યાંય તેમની ટીકા-ટીપ્પણ તો નથી થઇ, પરંતુ તે કાળને અનુલક્ષીને તેમણે લીધેલા નિર્ણયમાં સર્વત્ર તેમની શ્રુતભક્તિ અને દુરંદેશીપણાના જ દર્શન થયા છે. આ યોગ્ય પગલા દ્વારા જિનશાસનમાં તેઓનું સર્વદા સમ્માનનીય સ્થાન રહ્યું છે.

શ્રુતજ્ઞાન અને તેના કારણરૂપ શાસ્ત્રગ્રંથો થકી જ આ શાસન ૧૮ હજાર વરસ સુધી ચાલવાનું છે. શાસનરક્ષાના અગત્યના કાર્યોમાં શ્રુતરક્ષાનું પણ એક મોખરાનું સ્થાન છે. અને તે માટે જે તે કાળે લાભાલાભ અને દીર્ઘદર્શિતાથી સમર્થ સંવિગ્ન ગીતાર્થ આચાર્ય ભગવંતો જે નિર્ણય લેતા હોય છે તે શાસ્ત્રના સંદર્ભો કરતા વધુ મહત્વના હોય છે એ ધ્યાનમાં રાખવું જોઇએ.

## જાણી લ્યો કે....

અહીં એક વાતનું પણ ધ્યાન રાખવું જોઇએ કે લેખનકળા એ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના પણ ઘણા પૂર્વ કાળથી સમાજમાં પ્રચલિત છે, આપણે તો લેખનકળાના આદ્યસર્જક જ પ્રભુ ઋષભદેવને સ્વીકારીએ છીએ. શ્રાવકવર્ગમાં પણ લેખનકળા પરાપૂર્વથી જ હતી. માત્ર શ્રમણ-શ્રમણીઓને લેખનનો નિષેધ હતો. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે જે તે કાળે યોગ્ય વિચારણા કરીને લોકપ્રસિદ્ધ લેખનકળાને અપનાવી શાસ્ત્રને લીપીબદ્ધ કર્યા. તત્કાલીન પ્રાપ્ત લેખનસામગ્રીને અનુસાર તાડપત્રો પર ગ્રંથલેખન કરવામાં આવ્યા અને શ્રુતરક્ષાના સમુચિત કાર્યનો વિધિસર ત્યારે પ્રારંભ થયો, અર્થાત્ તેના શ્રીગણેશ મંડાયા.

ત્યારબાદ ૧૧, ૧૨, ૧૩ મી સદી પછી લોકવ્યવહારમાં લેખન સામગ્રીમાં તાડપત્રોનું સ્થાન ટકાઉ કાગળોએ લીધું... અને તત્કાલીન લોકપરિસ્થિતિને અનુસરી જે તે કાળના મહાપુરુષોએ શ્રુતરક્ષાના માધ્યમતરીકે તાડપત્રને સ્થાને કાગળને અપનાવ્યું. માટે જ ૧૩-૧૪ મી સદી પછીથી ઘણી બધી (૮૦-૯૦ ટકા) પ્રતિઓ કાગળ ઉપર જ છે. આ સમયે નૂતન ગ્રથોના સર્જનો પણ વધ્યા... આ સર્વ શ્રુતને લખાવવું. ૫-૨૫-૧૦૦ કોપીઓ કરવી આ બધુ પણ જરૂરી હોઇ તત્કાલીન ગીતાર્થ મહાપુરુષોએ શ્રાવકના કર્તવ્યોમાં પુત્થયલિહણં ને સ્થાન આપ્યું તેનાથી પુસ્તક ગ્રંથો લખાવવા બાબતની જાગૃતી આવી... તેના મહાત્મ્યદર્શક શ્લોકો વગેરેની પણ રચના આ જ કાળમાં થઇ....

પુત્થયલિહણં બાબત પૂજ્યોની પ્રેરણા અને શ્રાવકોની ઉદારતાને લઇને ૧૮-૧૯ મી સદી સુધી અનેકવિધ ગ્રંથો લખાયા, જે આજે પણ જ્ઞાનભંડારોમાં સચવાયેલા છે.

## વર્તમાનકાળના અજોડ શ્રુતસેવકો

૧૯મી સદીમાં ઔદ્યોગીક ક્રાંતી આવી. મુદ્રણ યુગના મંડાણ થયા. લોકવ્યવહારમાં મુદ્રણકળા વિસ્તરવા લાગી. જૈનશાસનમાં પ્રથમ ભીમસિંહ માણેક અને હીરાલાલ હંસરાજ નામના શ્રાવકે સૌ પ્રથમ હસ્તલિખિત પરથી સંપાદનો કરીને પુસ્તકો છપાવવા માંડ્યા. કલકત્તાથી પણ બાબુ ધનપતસિંહ નામના શ્રાવકે ગ્રંથો છપાવવાની શરૂઆત કરી, જૂના જ્ઞાનભંડારોમાં આજે પણ તેની કોપીઓ ઉપલબ્ધ થઇ શકે છે, આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ તો અનેકવિધ હસ્તલિખિત ગ્રંથો પરથી સંપાદન કરીને વિવિધ સંસ્થાઓ દ્વારા અનેક આગમગ્રંથોને પ્રકાશિત કરાવીને જૈન સંઘમાં અમર નામના કરી ગયા છે.

પ.પૂ. આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજા તથા શ્રુતપ્રભાવક પ.પૂ. શ્રી જંબુવિજયજી મહારાજાએ તો અનેકવિધ હસ્તલિખિતો પરથી શુધ્ધ પાઠ સંપાદન કરીને જે મુદ્રિત પ્રકાશનો સંઘને આપ્યા છે તેનો જોડો જડવો મુશ્કેલ છે. તદુપરાંત અન્ય અનેક મહાત્માઓએ પણ સુંદર સંશોધન-સંપાદન કરી અનેક ગ્રંથો મુદ્રણ કરાવીને પ્રકાશિત કરાવ્યા છે અને કરાવી રહ્યા છે. તેની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે. સદ્‌ભાગ્યે આજેય એ ઉત્તમશુદ્ધ શાસ્ત્ર વારસો આપણને ઉપલબ્ધ બની રહેલ છે.

મુદ્રતિ થયેલ ગ્રંથો સરળતાથી ઉપલબ્ધ થવા માંડ્યા પ્રાચીન લીપીના પ્રમાણમાં તેનું વાંચન સરળ સુલભ હોઇ મહાત્માઓમાં અભ્યાસ અને સ્વાધ્યાય વધ્યો. સંશોધન-સંપાદનનું સ્તર ઘણું ઉંચું આવ્યું. જે તે કાળે મુદ્રિત થયેલા ગ્રંથો અપ્રાપ્ય બનતા તેના પુનઃમુદ્રણો થવા લાગ્યા. આ રીતે શ્રુતજ્ઞાનનું પાસુ અધિક અધિક સમૃધ્ધ બનવા માંડ્યું.

અહીં એક વાત ઉલ્લેખનીય છે કે જૈન શાસ્ત્રગ્રંથો છપાવવા માટે જ મુદ્રણ પધ્ધતિની શોધ થઇ ન હતી. સામાન્ય જનવ્યવહારમાં મુદ્રણકળા પ્રસિધ્ધ પામતી જતી હતી. તેના કેટલાક મહત્વના લાભો પણ જણાયા અને એટલે તત્કાલીન સંવિગ્ન ગીતાર્થ મહાપુરુષોએ લોકપ્રસિધ્ધ મુદ્રણકળાનો શાસનના હિતમાં યોગ્ય ઉપયોગ કરીને શ્રુતરક્ષા અને શ્રુત સંવર્ધનનું એક મહત્વનું કાર્ય કર્યું.

જગતના વ્યવહારમાં ટેકનોલોજી ખૂબ ઝડપથી આગળ વધતી હતી. પ્રાચીન હસ્તલિખિત જ્ઞાનભંડારોમાં સચવાયેલ મહત્વની અને જૂજ પ્રમાણમાં ઉપલબ્ધ હસ્તપ્રતોને જો એ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સાતવી લેવામાં આવે તો મૂળભૂત પ્રતોની સુરક્ષા થઇ જાય અને સંશોધન-સંપાદન પણ વેગવંતુ બને એવા શુભ આશયથી પ.પૂ. ગીતાર્થ ગુરુ ભગવંતોની પ્રેરણા અને માર્ગદર્શનથી માઇક્રોફિલ્મ અને આગળ વધતા સ્કેનીંગ દ્વારા પણ શ્રુતરક્ષાનું સમયાનુરૂપ અતિ અમોદનીય કાર્ય થયું. જે દ્વારા સંશોધન-સંપાદન ક્ષેત્રે વધુ સુવિકસિત બન્યું. આ પ્રમાણે શ્રુતરક્ષાનો આંશિક ક્રમિક વિકાસ આપણે જોયો.

શ્રુતરક્ષા બાબત ઘણી બધી સંસ્થાઓ પોતાની સમજશક્તિ અને માન્યતા અનુસાર કાર્ય કરતી જોવાય છે. અને ત્યારે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે, જે હવે જોઇએ આપણી મૂળભૂત પરંપરા પુત્થયલિહણં ની નહી પરંતુ એક અક્ષર પણ નહિ લખાવવાની છે, અને આગમગ્રંથોમાં તેના સ્પષ્ટ ઉલ્લેખો છે તથા એક અક્ષર લખવાનું પણ પ્રાયશ્ચિત કહ્યું છે. એટલે પરંપરાને જો આગળ કરીએ તો પુસ્તક લખાવવાની વાત જ રહેતી નથી. જો એમ કહો કે જે તે કાળની પરિસ્થિતિને અનુરૂપ તત્કાલીન મહાપુરુષોએ તાડપત્ર અને હસ્તપ્રત લેખન સ્વીકાર્યું, તો એ રીતે જ તો જે તે કાળને અનુલક્ષીને જ સંવિગ્ન ગીતાર્થ ગુરૂભગવંતોએ પુસ્તકોના મુદ્રણને પણ અપનાવ્યું જ છે. એટલે ટૂંકસાર અહીં એટલો જ છે કે જેમજેમ કાળ બદલાય, સંયોગો બદલાય, તેમ શ્રુતરક્ષાના ઉપાયો પણ બદલાય. અને શ્રી સંઘ-શાસનને શાસ્ત્રપાઠોની શુધ્ધિ આદિની અપેક્ષાએ જે ઉપાય યોગ્ય જણાય તેનો સહર્ષ સ્વીકાર થાય એ આપણે સવિસ્તર આગળ જોયું. માટે અહીં પ્રાચીન-અર્વાચીન પરંપરા કે પ્રાચીન પધ્ધિત એ ગૌણ બને છે, એમજાણવું જોઇએ.

(જેની વધુ વિચારણા આવતા અંકમાં કરશું)

## પૂજ્ય ગુરુભગવંતોને નમ્ર વિનંતી સહ નિવેદન

પૂજ્ય ગુરુભગવંતોને વ્યાખ્યાનમાં ઉપયોગી તેમજ શ્રાવક-શ્રાવિકાઓ વિદ્વાનોને તેમજ બાળકોને શ્રેષ્ઠ વાંચન માટેના ઉપયોગી નીચેના પુસ્તકો અમારી પાસેથી મળી શકશે.

| નં | ગ્રંથનું નામ | લેખક-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | ત્રિલોક તીર્થ વંદના | આ. શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરિજી | ગુજ | અંબાલાલ રતનચંદ |
| ૨ | શ્રાવક જીવન દર્શન | આ. કુલચંદ્રસૂરિજી | હિ/ગુજ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩ | આનંદઘનની આત્માનુભૂતિ પદ ૧ થી ૧૫ | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૪ | આનંદઘનની આત્માનુભૂતિ પદ ૧૬ થી ૨૫ | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | જિનશાસન આરા. ટ્રસ્ટ |
| ૫ | લાઇફ સ્ટાઇલ | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | કે. પી. સંઘવી ગ્રુપ |
| ૬ | સ્ટોરી .. સ્ટોરી | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | કે. પી. સંઘવી ગ્રુપ |
| ૭ | ડાયમન્ડ ડાયરી | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | કે. પી. સંઘવી ગ્રુપ |
| ૮ | એન્જોય જૈનિઝમ | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ | કે. પી. સંઘવી ગ્રુપ |
| ૯ | જૈન કોસ્મોલોજી (સર્વજ્ઞ કથિત વિશ્વ વ્યવસ્થા) | ચારિત્રરત્નવિજયજી | ગુજ | જિનગુણ આરા. ટ્રસ્ટ |

(૧) જૈન ધર્મ અંગેની હસ્તપ્રતો કોઇ પણ શાસ્ત્રસંગ્રહમાં હોય અને તેને ડીજીટલાઇજેશન દ્વારા સુરક્ષિત અને ભંડારમાં સંગ્રહાયેલા શાસ્ત્રો પૂજ્યોને ઉપયોગમાં આવે તે માટે આપના પરિચયમાં રહેલ શ્રીસંઘ કે સંસ્થાના હસ્તપ્રત ભંડારના વહીવટદારોને આ કાર્ય અંગે પ્રેરણા કરશો અને અમોને જે તે હસ્તપ્રત ભંડારના નામ, સરનામું અને ફોન નંબર મોકલશો જેથી શ્રુતરક્ષાના કાર્યમાં શ્રુતભક્તિનો લાભ મળી શકે.

(૨) આપશ્રીના દ્વારા વર્ષ દરમ્યાન પ્રકાશિત પુસ્તકોની યાદી તેમજ આપશ્રીના ગ્રુપમાં થઇ રહેલ ગ્રંથોના સંશોધન- સંપાદન અંગેની વિગતો અમોને તુરત જ મોકલશો જેથી આગામી અહો શ્રુતજ્ઞાનમ્ ના અંકમાં તેનો સમાવેશ કરી શકાય.

(૩) પૂજ્યોને સંશોધન-સંપાદન માટે જરૂરી હસ્તપ્રતની ઝેરોક્ષ નકલ મેળવવા માટેની અરજી જે તે હસ્તપ્રત ભંડારને ડાયરેક્ટ મોકલશો અને તેની એક નકલ અમોને મોકલશો જેથી અમારી પાસે રહેલ હસ્તપ્રતના ડેટામાંથી પણ અમો ઝેરોક્ષ નકલ મોકલવા માટે સહભાગી બનીશું.

(૪) પૂજ્ય રામચંદ્રસૂરિજી સમુદાયના શ્રી વૈરાગ્યરતિવિજયજી મ. સા. પ્રેરિત શ્રુત ભવન - પુના દ્વારા જિનરત્નકોષનું પુનઃસંપાદનનું કાર્ય ચાલી રહ્યુ છે. પૂજ્ય જ્ઞાની ગુરુભગવંતોને સંશોધન માટે હસ્તપ્રત કયા કયા ભંડારમાં ઉપલબ્ધ છે તે અંગેની જરૂરી માહિતી સુલભ બનશે. અગત્યના ગ્રંથના સંકલનનું કાર્ય ખૂબ સારી રીતે ઝડપથી થાય તે અંગે સહયોગ કરશોજી.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com